**વડોદરા મહાનગરપાલિકા**
**આરોગ્ય વિભાગ**
www.vmc.gov.in

## કરાર આધારિત ભરતી અંગેની જાહેરાત

વડોદરા મહાનગરપાલિકા દ્વારા પી.આર.ઓ.નં.૮૬ તથા ૨૧૭/૨૦-૨૧થી પ્રસિધ્ધ કરવામાં આવેલ જાહેરાત સંદર્ભમાં પબ્લિક હેલ્થ વર્કર તથા ફિલ્ડ વર્કર (પુરૂષ)ની ૧૧ માસના કરાર આધારીત તદન હંગામી ધોરણે સીધી ભરતી કરવા માટે પસંદગી પામેલ ઉમેદવારોની યાદી તથા તેઓના નિંમણુંકના હુકમ વડોદરા મહાનગરપાલિકાની www.vmc.gov.in વેબસાઇટ પર મુકવામાં આવેલ છે. જે તે યાદીમાં પસંદગી પામેલ ઉમેદવારોએ પોતાના નિંમણુંકના હુકમ ડાઉન લોડ કરી તા.૧૫/૯/૨૦૨૦ થી તા.૧૯/૯/૨૦૨૦ સુધીમાં રજાના દિવસ સિવાય કચેરી સમય દરમ્યાન તેઓને ફાળવેલ ઝોનની કચેરીએ હાજર થવાનું રહેશે. પસંદગી પામેલ ઉમેદવારોને અલગથી કોઇ જાણ કરવામાં આવશે નહી. સદરહુ માટે જરૂરી અન્ય માહિતી/શરતો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ પરથી મેળવવાની રહેશે.

પી.આર.ઓ.નં.૪૭૦/૨૦૨૦-૨૧ આરોગ્ય અમલદાર

## વડોદરા મહાનગરપાલિકા

## મેલેરીયા મુક્ત ગુજરાત - ૨૦૨૨ અભિયાન

## પસંદગી પામેલા ઉમેદવારો માટે અગત્યની સુચના

## પી.આર.ઓ. નં ૪૧૦ ૨૦૨૦-૨૧

૧. પસંદગી પામેલ ઉમેદવારે હાજર થવા સમયે જરૂરી તમામ ડોક્યુમેન્ટ વેરીફાઇ કરાવવાના રહેશે. ઓ.બી.સી. કેટેગરીમા પસંદગી પામેલ ઉમેદવારે નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ હાજર થવા પુર્વે અવશ્ય રજુ કરવાનુ રહેશે તેમજ જે તે કેટેગરી માટે જરૂરી જાતિના દાખલા પણ રજુ કરેલ ન હોય તો તેઓએ પણ હાજર થવા સમયે રજુ કરવાના રહેશે. કોરોના મહામારીના કારણે તમામ ઉમેદવાર ને જરૂરી દસ્તાવેજો રજુ કરવા માટે એક તક આપવામા આવે છે જરૂરી દસ્તાવેજો રજુ ન કર્યેથી તેઓની ઉમેદવારી રદ કરવામા આવશે.

૨. પસંદગી પામેલ ઉમેદવાર EWS કેટેગરીમા પસંદ થયેલ હોય તો તેઓ એ પણ ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીના વિભાગ ,ઠરાવ ક્રમાંક : ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ સચિવાલય,ગાંધીનગર તા.૨૫/૦૧/૨૦૧૯ મુજબ નક્કી કરેલ સક્ષમ અધિકારીના પ્રમાણપત્રો હાજર થવા સમયે રજુ કરવાના રહેશે અન્યથા તેઓની ઉમેદવારી રદ કરવામા આવશે.

૩. EWS કેટેગરીમા ઉમેદવારો (મહિલા/પુરૂષ) જરૂરી જગ્યાની સાપેક્ષમા ઉપલબ્ધ થયેલ ન હોય ,અન્ય કેટેગરીમા જેઓએ ડોક્યુમેંટ વેરીફાઇ કરાવેલ અને તેમા મહત્તમ મેરીટ ધરાવતા હોય તેઓને તક આપવામા આવેલ છે.તેવા ઉમેદવારે EWS કેટેગરીમા પસંદ થયેલ હોવા છતા સક્ષમ અધિકારીના પ્રમાણપત્રો રજુ કરવાના થશે નહી.

૪.પસંદગી પામેલ ઉમેદવાર નુ બેંક ઓફ બરોડામા એકાઉંટ હોવુ જરૂરી હોય તે અંગે જરૂરી વિગતો આપવાની રહેશે.

૫.ડોક્યુમેટ વેરીફીકેશન દરમ્યાન ફિઝીકલી ડિસએબલ ઉમેદવાર ઉપસ્થિત રહેલ જેમા ૫૦% કે તેથી વધુની ડીસએબીલીટી ધરાવતા ઉમેદવારો સદર કામગીરી કરી શકવા સક્ષમ ન હોય ધ્યાની લીધેલ નથી જેની સંબંધિતોએ નોંધ લેવી.

૬.પી.આર.ઓ.૮૬/૨૦૨૦-૨૧ અન્વયે સરકારમાન્ય એસ.આઇ. સંસ્થાઓનુ લીસ્ટ ઓનલાઇન સામેલ રાખેલ જે મુજબના ઉમેદવારો ને ધ્યાને લીધેલ છે .હાઇકોર્ટ C/SCA/18001/2015 મુજબ વિનાયક મિશન યુનિવર્સિટી અને હાઇકોર્ટ C/SCA/15381/2018 મુજબ માનવ ભારતી યુનિવર્સિટી સોલાન,હિમાચલ પ્રદેશ માથી કરેલ એસ.આઇ. ને ધ્યાને લેવામા આવેલ છે પરંતુ ઉક્ત બાબતે અન્ય કોઇ પણ નિર્ણય સરકાર તરફથી કે નામદાર કોર્ટ મારફ્તે કર્યેથી જરૂરી કાર્યવાહી કરવામા આવશે જે સંબંધિત ઉમેદવારને બંધનકર્તા રહેશે. તેમજ ભાવનગર યુનિવર્સિટી માન્ય અને સ્કીલ ઇન્ડીયા

ડેવલપમેંટ અંતર્ગત જનશિક્ષણ સંસ્થાન દ્વારા કરાવવામા આવતા એસ.આઇ કોર્ષ માન્ય હોય તેવુ સંબંધિત અધિકારી શ્રી એ પત્ર મારફતે જણાવેલ હોય ધ્યાને લીધેલ છે.

૭. પસંદગી પામેલ ઉમેદવારે ૧૧ માસનો કરાર રૂ.૧૦૦ ના સ્ટેમ્પ પર કરવાનો હોય ઉમેદવારે કોરો સ્ટેમ્પ અને ૩ લેઝર પેપર (કોઇ પણ પ્રકારના લખાણ કર્યા સિવાય નો) સાથે લઇ ને સ્વખર્ચે તેઓને આપવામા આવેલ ઝોન કચેરીમા સક્ષમ અધિકારી સમક્ષ કરાર કરવા ઉપસ્થિત રહેવાનુ રહેશે. અને જ્યાથી તેઓને સંબંધિત અર્બન હેલ્થ સેંટર ફાળવવામા આવશે.

૮. હાજર થવાનો સમય સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક સુધી.

ઝોન વાઇઝ કચેરીનુ સરનામુ :

- **ઉત્તર(NORTH) ઝોન** : ઉત્તર ઝોન કચેરી ,આરોગ્ય વિભાગ , અર્બન હેલ્થ સેન્ટર સમા ની બાજુમા, ન્યુ સમા રોડ વડોદરા
- **દક્ષિણ(SOUTH) ઝોન** : વોર્ડ નં.૩ પ્રથમ માળ,રેવા પાર્ક ગરબા ગ્રાઉંડ,વાઘોડિયા રોડ, વડોદરા
- **પુર્વ(EAST) ઝોન** : સંવાદ સ્ટૉર , અર્બન હેલ્થ સેન્ટર સંવાદની પાછળ ,સંગમ ચાર રસ્તા પાસે વડોદરા
- **પશ્ચિમ(WEST) ઝોન** : પશ્ચિમ ઝોન કચેરી,વોર્ડ નં ૧૧ ની પાછળ, ઓ.પી રોડ, વડોદરા

૯. અન્ય કોઇ પણ માહિતી માટે ૦૨૬૫(૨૫૬૪૩૦૦) વા.જ.રો.નિ.શાખાનો રજાના દિવસો સિવાય કચેરી સમય દરમ્યાન સંપર્ક કરવા જણાવવામા આવે છે.

આરોગ્ય અમલદાર

વડોદરા મહાનગરપાલિકા